**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૯/૦૯/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૧૮/૧૭**

## ભારતીય ચલણની બનાવટી નોટો સાથે આરોપીઓને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમબ્રાંન્ચ, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જેકે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ ના પોલીસ ઇન્સ્પેકટર કે.જી.ચૌધરી સાહેબની સુચના અનુસાર મિલ્કત સબંધી ગુન્હાના આરોપી શોધી કાઢવા તથા આવા ગુન્હા કરતા આરોપીઓ શોધી કાઢવા ટીમના માણસો કાર્યરત હતા દરમ્યાન એન્ટી ઓર્ગેનાઇઝડ કાઇમ ટીમના **એ.એસ.આઇ. સંજયસિંહ હાલુસિંહને** મળેલ બાતમી આધારે પો.ઇન્સ શ્રી કે.જી.ચૌધરી તથા એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ ટીમે અમદાવાદ શહેરમા હિંમતનગરથી ભારતીય ચલણની બનાવટી નોટો વટાવવા આવતા ચાર ઇસમોને અમદાવાદ શહેર રીંગરોડ નાના ચિલોડા સર્કલ ખાતેથી ભારતીય ચલણની બનાવટી ચલણી નૉટો સાથે ઝડપી પાડેલ છે જે આરોપીઓ (1) **સંજયગીરી @ ગીરી @ પિન્ટુ સ/ઓ અમૃતગીરી@ બચુગીરી જાતે : ગોસ્વામી** ઉ.વ. 26 રહે, ગામ તાજપુરી શીવજી મંદિરની બાજુમાં તાહિંમતનગર, જી. સાબરકાંઠા (2) **પરેશ @ પટેલ સ/ઓ ઇશ્વરભાઇ પરમાર** ઉ.વ. 24 રહે, ગામ ગલોડીયા ભાંભીવાસ, તા. ખેડબ્રહ્મા જી.સાબરકાંઠા (3) **નરેન્દ્રસિંહ @ અકબર સ/ઓ હઠીસિંહ પરમાર** ઉ.વ.24 રહે, ગામ પોલાજપુર નાનાવાસ, ગુજરાતી શાળાની બાજુમાં તાહિમતનગર, જી.સાબરકાઠા (4) **ધર્મેન્દ્ર @ પ્રેમો સ/ઓ રૂપસિંહ રાઠોડ** ઉ.વ.26 રહે, ગામ : મહુડી અતિથિભવનની બાજુમાં પેટાપરા તા. માણસા જી.ગાંધીનગરનાઓને ભારતીય ચલણ ની રુ.2000 ના દરની બનાવટી નોટ નંગ-95 (બનાવટી નૉટ નંગ-95 રૂ.1,90,000) કિ.રૂ. 00/00 તથા મોબાઇલ ફોન નંગ-4 કિ.રૂ. 10000/ ની મત્તા સાથે ઝડપી પાડવામાં આવેલ છે.

આ ચારેય આરોપીઓની પુછપરછ કરતા આરોપી સંજયગીરી @ ગીરી @ પિન્ટુ સ/ઓ અમૃતગીરી @ બચુગીરી જાતે : ગોસ્વામી જે પોતે <u>ડીપ્લોમા સીવીલ એન્જીનીયર</u> કોર્ષ કરેલ હોય અને કોમ્પ્યુટર નો જાણકાર હોય જેને તથા સાથેના પરેશ @ પટેલ સ/ઓ ઇશ્વરભાઇ પરમાર, નરેન્દ્રસિંહ @ અકબર સ/ઓ હઠીસિંહ પરમાર નાઓને પણ નાણાંણી તંગી હોય ત્રણેય આરોપીઓએ ભેગા મળીયેનકેન પ્રકારે નાણાં કમાઇ લેવા નક્કી કરેલ હતું અને આરોપી સંજ્યગીરીની આગેવાની હેઠળ હિમતનગર ખાતેથી કલર પ્રિન્ટર તથા કલર કાર્ટીઝ તેમજ કાગળ, કટર વિગેરે વસ્તુઓ ખરીદ કરી આ તમામ વસ્તુ <u>હિમતનગર બાયપાસ રોડ, તુલસીબજાર કોમ્પલેક્ષ પાસે, અવાવરૂ ફાર્મ માં</u> આ વસ્તુઓ રાખી લોકોને જાણ ન થાય તે રીતે કલર પ્રિન્ટર થી છેલ્લા ત્રણ માસમાં રૂ.50/, રૂ.100/, રૂ.2000/ ના દરની ભારતીય ચલણની અસલ નૉટ ઉપરથી ઘણી બધી ફોટોકોપી બનાવટી નૉટ કાઢેલ અને પઉપરોકત ત્રણેય

આરોપીઓનો મિત્ર નરેન્દ્રસિંહ @ અકબર સ/ઓ હઠીસિંહ પરમાર જે પણ સામેલ થયેલ હોય જેથી આ ચારેય ઇસમોએ ભેગા મળી ઉપર મુજબની બનાવટી ચલણી નોટોને હિમતનગર તથા અન્ય શહેરના બજારમાં કરીયાણાંની દુકાનવાળા પેટ્રોલપંપ તથા ભીડવાળા બજાર માં ફરતી કરેલ છે. જેથી આ હકીકત અનુસાર આરોપીને સાથે રાખી હિમતનગર બાયપાસ તુલસી બજાર કોમ્પલેક્ષની સામે અવાવરૂ ફાર્મ ખાતેથી કલર પ્રિન્ટર, કલર કાર્ટીઝ, કાગળ, પેપર કટર વિગેરે સામગ્રી તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે.

ઉપરોકત આરોપીઓ પૈકી પરેશ @ પટેલ સ/ઓ ઇશ્વરભાઇ પરમાર ઉ.વ. 24 રહે, ગામ ગલોડીયા ભાંભીવાસ, તા. ખેડબ્રહ્મા જી.સાબરકાંઠા નો અગાઉ દારૂ સાથે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે. તેમજ આ સથેના બીજા આરોપીઓ જે અગાઉ કોઇ ગુન્હામાં પકડાયેલ નથી પરંતુ પોતે ઝડપથી નૉટ કમાઇ લેવાના હેતુસર ભારતીય ચલણની બનાવટની નોટ છાપી ભારતીય અર્થતંત્રને તોડી પાડવાનું ગુન્હાહિત કાવતરૂ રચીગુન્હો કરેલ છે.

આ કામે આરોપીઓએ છેલ્લા ત્રણ માસમાં અસંખ્ય ભારતીય ચલણની બનાવટી નોટો તૈયાર કરી ગુજરાતમાં જુદી જુદી જગ્યાએ જથ્થાબંધ વહેચણી કરેલ છેજે તમામ નોટો કોને આપેલ છે. તે તમામ ભારતીય ચલણની બનાવટી નોટો તપાસ અર્થે કબ્જે કરવા હાલ તજવીજ જારી છે. તેમજ આ ગુન્હામાં બીજા કેટલા આરોપીઓ સંડોવાયેલ છે. જે અંગે વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવેલ છે

## ઘરફોડ ચોરીના બે લેપટોપ કિ.રૂ.૫૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઇસમની ધરપકડ કરી ઘરફોડ ચોરીના વણશોધાયેલ ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબએસ.ઓ.જી.ક્રાઇમનેલગતાહેડનીકામગીરીકરવાતથામિલકત સબંધી બનેલ ગુનાઓ શોધીકાઢવાતથાબનતાગુનાઅટકાવવાસારૂંઅમદાવાદશહેરવિસ્તારમાં એસ.ઓ.જી.ના પો.સ.ઇ.શ્રીજે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એન.એન.રબારીનાઓનીટીમપેટ્રોલીંગમાં હતી.દરમ્યાન સાથેના હે.કો. મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ તથા પોકો.કનકસિંહ નટવરસિંહ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે વોચ તપાસ કરી વટવા ઇસનપુર રોડ ગેબનશા કેનાલ ઉપરથી દિલીપ ઉર્ફે દિલીયો s/o સુખાભાઇ રાઠોડ ઉવ૨૦ ધંધોઃનોકરી રહે, મ.નં.૨૩, રામજીદેવજીનો કુવો, સર્વે નં.૫૭૨, સીતાબાગ સોસાયટીની બાજુમાં, ગેબનશા, વટવા, અમદાવાદ શહેરને ઝડપી લેવામાં આવેલ જેની અંગઝડતી તપાસ કરતાં તેની પાસેના થેલામાંથી (૧) કાળા કલરનું સોની કંપનીનું લેપટોપ ચાર્જર સાથેનું કિરૂ.૩૦,૦૦૦/- તથા (૨) કાળા કલરનું લીનોવો કંપનીનું લેપટોપ ચાર્જર સાથેનું કિ.રૂ.૨૦,૦૦૦/- તથા (૩) એક કાળા કલરનો થેલો કિ.રૂ.૦૦/૦૦ નો મળી આવેલ. જે લેપટોપ બાબતે સદરીની પુછપરછ કરતાં જણાવેલ કે તેનો મિત્ર નામે ઉમેશ તેને મળેલો અને ઇસનપુર ચાર રસ્તા જોગણીમાતાના મંદિરની પાસે ‘ગીતાંજલી’ માં નોકરી કરતો હોય જે દુકાનની ચાવી તેની પાસે રાખતો હોય અને દુકાનમાં શેઠના બે લેપટોપ પડેલ હોય તે ચોરી કરી એક એક લેપટોપ રાખી લેવાનું જણાવેલ. જેથી ઉમેશે ચાવી આપતાં સદરી ઇસમે આજથી એકાદ મહીના અગાઉ સવારના ચારેક

વાગ્યાના આસપાસ દુકાન ખોલી તેમાંથી લેપટોપની ચોરી કરેલાની હકીકત જણાવેલ જેથી આ બાબતે ઇસનપુર પોલીસ સ્ટેશન ફગુ.ર.નં.૧૯૨/૧૭ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો નોંધાયેલ હોય મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદરી ઇસમને આજરોજ તા૦૮/૦૯/૨૦૧૭ ના રોજ સીઆરપીસી કલમ ૪૧ (૧) ડી મુજબ પકડી અટક કરી આગળની કાર્યવાહી સારુ ઇસનપુર પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

**<u>ઘાટલોડીયા પોલીસ સ્ટેશનઃ</u>** **(૧)**

<u>વ્હીકલ ચોરી તેમજ ઘરફોડ ચોરી કરનાર ઇસમને ઝડપી પાડતી ઘાટલોડીયા પોલીસ</u>

અમદાવાદ શહેર નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એ ડીવીઝન નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં ઘરફોડ ચોરી તથા અન્ય મિલ્કત સંબંધી ગુના શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે આધારે પોલીસ ઇન્સ્પેકટર શ્રી જી.એસ.પટેલ સા.નાઓની સુચના અનુસાર પો.સ.ઇ.બી.ડી.વાઘેલા તથા સાથેના પો.કો.ભાવિકસિંહ નટવરસિંહ બ.નં.૧૮૩૧ તથા પો.કો.છત્રસિંહ રામભા બ.નં.૪૧૦૦ તથા પો.કો.અલ્પેશભાઇ વાઘુભાઇ બ.નં.૧૯૭૨ તથા લોકરક્ષક કેતન હરેશભાઇ બ.નં.૧૦૨૦ તથા પો.કો.મોહીતકુમાર રમેશચંદ્ર બ.નં.૧૦૨૪૧ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પ્રભાતચોક જાહેર રોડ ઉપર આવતા સાથેના સ્ટાફનાં પો.કો.છત્રસિંહ રામભા બ.નં.૪૧૦૦ તથા પો.કો.અલ્પેશભાઇ વાઘુભાઇ બ.નં.૧૯૭૨ નાઓની બાતમી હકીકત આધારે એક આરોપી ઇસમ નામે નિલેષ S/O ખેતાજી સમાજી ઠાકોર ઉ.વ.૨૧ ધંધો છુટક વેપાર રહે મુળ રહે ડભોડા તા.જી.ગાધીનગર હાલ રહે અંબાપુર બસ સ્ટેન્ડમા તા.જી.ગાંધીનગર નાઓના કબજા માથી હોન્ડા કંપનીનુ ડ્રીમ નીઓ કાળા કલરનુ બ્લુ પટ્ટાવાળુ આર.ટી.ઓ નંબર GJ-01-MX-9150 ચે.નં.-8031867 તથા એ.નં-83045431 જેની કી.રૂ.૫૦,૦૦૦/-ગણાય તેમજ સદરી ઇસમ ની અંગઝડતી કરતા એક લાલ કલરનુ પર્સ મળી આવેલ જે તપાસતા (૧)ગુજરાત પોલીસ આઇકાર્ડ જેમા પંકજભાઇ માધુભાઇ રાઠોડ બ,નં,૨૮૬ સુપિ,ઓફ પોલીસ પી.સી.બરંડા નુ સહીવાળુ કાર્ડ (૨)એસ.બી.આઇ કંપનીનુ એ.ટી.એમ કાર્ડ જેની ઉપર પી.એમ.રાઠોડ લખેલ છે. (૩)એક સ્ટેટ બેન્ક નુ ડેબીટ કાર્ડ તેમજ રોકડા રૂપિયા અલગ અલગ દરની ચલણી નોટો રૂ.૯,૮૨૦/-મળી કુલ્લે રૂ.૫૯,૮૨૦ ન મુદામાલ પંચો રૂબરૂ પચંનામા વિગતે સી.આર.પી.સી.ક્લમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદરી ઇસમને સી.આર.પી.સી ૪૧(૧)(ડી)મુજબ તા-૦૮/૦૯/૧૭ ના કલાક ૧૫/૦૦ વાગે અટક કરી તપાસ કરતા <u>શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૬૪/૨૦૧૭ ઇ.પી.કો કલમ ૪૫૪ ૪૫૭ ૩૮૦ મુજ્બ ગુનો શોધી કાઢેલ છે અને ગુનામા ચોરાયેલ તમામ મુદામાલ રિક્વર કરી વધુ તપાસ ચાલુ છે.</u>

**(૨)**

ઘાટલોડીયા પો.સ્ટે. ફ.ગુરનં.૭૭/૧૬ ઇ.પી.કો .કલમ-૩૨૪,૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ-૧૩૫(૧) તથા ઘાટલોડીયા પો.સ્ટે. ફ.ગુરનં.૯૪/૧૭ ઇ.પી.કો .કલમ-૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ-૧૩૫(૧) મુજબ ના કામના આરોપી ગોપાલભાઇ બાબુભાઇ દંતાણી ઉ.વ.૫૧ રહે-એ/૧૫૯ સંજ્યનગર ગેટનં-૧ અમર એપાર્ટમેન્ટની સામે નારણપુરા અમદાવાદ શહેર નાઓની વિરૂધ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપેલ જે આધારે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક/પીસીબી /ડીટીએન/પાસા/ ૫૯૦/૨૦૧૭ તા.૦૭/૦૯/૨૦૧૭ થી આજરોજ તા.૦૮/૦૯/૨૦૧૭ ના કલાક.૦૯/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતમા કેદ રહેવા સારૂ મધ્યસ્થ જેલ ભુજ ખાતે મોકલી આપેલ છે

**<u>નિકોલ પોલીસ સ્ટેશનઃ</u>**

નિકોલ પોલીસ સ્ટેશન ફ.ગુરન.૧૭૧/૧૭ ઇપીકો કલમ ૧૭૦ ,૩૮૪, ૩૬૫ , ૩૪૨ , ૨૯૪(ખ) ૫૦૬,૧૨૦(બી) ૧૧૪ મુજબ

(૧) ફરીયાદી ઃઃ રાજુભાઇ નટવરલાલ જાતે.ઠક્કર ઉવ.૫૦ રહે.મન.બી/૧૧ ગાયત્રી સોસાયટી
સીમા કોલોનીની પાછળ , ગેરતપુર રેલ્વે સ્ટેશન રોડ તા.દસક્રોઇ
જી.અમદાવાદ મુળવતન ઃઃ ગોઠાજ જી.ખેડા તા.મેમદાવાદ

(૨) આરોપી ઃઃ (૧)જયેન્દ્રસિંહ કરણસિંહ ચુન્ડાવત ઉવ૩૯ રહે.એ/૫ સોનુ બંગ્લોઝ રોધે
બંગ્લોઝની બાજુમા કેનાલ ઉપર નરોડા અમદાવાદ
(૨)દિપેનકુમાર લાલુભાઇ પટેલ ઉવ.૨૭ રહે.દહેગામ અમીનવાડો
જુનાબજારની બાજુમા દહેગામ જી.ગાંધીનગર
(૩) પાર્થ અરુણભાઇ પટેલ ઉવ.૨૨ રહે.૨૩૦૬ નવીફળી બારેજાગામ
તા.દસક્રોઇ જી.અમદાવાદ
(૪)રાજદિપસિંહ હઠીસિંહ જેતાવત રહે.૧૧૧/૧૭ ચ ટાઉપ સેક્ટર ૨૧ ગાંધીનગર

ઉપરોક્ત આરોપીઓ નં.૧ , ૨, ૩ ને આ ગુનામા તા.૮.૯.૧૭ ના કલાક ૧૦.૦૦ વાગ્યે તથા આરોપી નં ૪ ને કલાક ૧૨.૦૦ વાગ્યે પકડી અટક કરવામા આવેલ છે.

આ ગુનાના આરોપી નં.૧ પાસેથી એક લાખ રુપીયા રોકડા (ફરીયાદમા જણાવ્યા મુજબના) તથા તેની ફોરવ્હીલ ગાડી તથા તેલના ડબ્બા નંગ-૯ તથા બીજા કાગળો તથા તેના પોતાના રુ.૮૨૫૦/- તેમજ નં.૨ પાસેથી રુ.૫૦૦/- તથા (૩)પાસેથી કાંઇ મળી આવેલ નથી (૪)એક લાખ રુ.રોકડ (ફરીયાદીના જણાવ્યા મુજબના)તથા તેલના ડબ્બા નં.૧૧ તથા તેમના પોતાના બીજા રુ.૨૦૦૦/- મળી આવેલ છે

આ ગુનામા હકીકત એવી છે કે ફરીાદી તેલના ડબ્બાની દલાલીનુ કામ કરે છે જેથી આ કામના આરોપી નં.૧ થી ૩ કે જેઓ મંતવ્ય ન્યુઝ ચેનલમા રિપોર્ટર તરીકે કામ કરે છે તેઓ તથા આરોપીનં.૪ એ રીતેના ચારેય જણાઓએ ભેગા મળી ફરીયાદી ની પાસેથી તેલના ૨૦ ડબ્બા લેવાના છે તે રીતેની વાતચીત કરી પામ હોટલ બોલાવેલ અન્ને ફરીયાદી સાથે આ ચારેય જણા નિકોલ નરોડા રોડ ઉપર આવેલ ભારત સુપર માર્કેટ આવેલ જ્યા ફરીયાદીએ તેલના ડબ્બા મંગાવતા આરોપી દિપેન પટેલ ના એ વિડીયાગ્રાફી કરેલ અને તેલના ડબ્બા આરોપીઓએ તેમની બંન્ને ગાડીમા મુકી દઇ ફરીયાદી તથા તેમના ભાઇ ને જણાવેલ કે તમો બીલ વગર ગે.કા.રીતે તેલના ડબ્બાનો વેપાર ધંધો કરો છો અમો ક્રાઇમબ્રાન્ચના પોલીસના માણસો તથા મીડીયાના માણસો છીએ તમારા ઉપર કેસ કરવો પડશે તેમ કહી પતાવટ પેટે પૈસા આપવા પડશે તેમ કહી ફરીયાદી તથા તેમના ભાઇને બળજબરીથી આરોપીઓએ તેમની ગાડીમા બેસાડી ગે.કા.રીતે અટકાયત કરી નિકોલ રસરાજ પાટીપાર્ટ પ્લોટ -૦૧ પાસે લઇ આવેલ જ્યા આવી તેલની ટ્રેડીગ કંપની " રેવાચંદ એન્ડ કંપની " મુખ્ય માણસને બોલાવી પતાવટ પેટે રુપીયા સાડા પાંચ લાખની માગણી કરેલ જેમા તેલની કંપની વાળા પાસેથી એક લાખ લીધેલ જે પૈસા તથા તેલના ડબ્બા નંગ-૧૧ લઇને આરોપી નં.૪ જતા રહેલ બાદ બીજા પૈસા લેવા સારુ ફરીયાદી તથા તેમના ભાઇ તથા ભત્રીજાને સરદાર ચોક લઇ ગયેલ જ્યા ફરીયાદીના મિત્ર ના ભાઇ પાસેથી એક લાખ લીધેલ અને બાકીના બીજા પૈસાની વ્યવસ્થા કરવા સારુ જાણ કરતા ફરીયાદીના ભત્રીજા વિરલને જાણ કરતા તેને પોલીસને જાણ કરતા નિકોલ ટુ ગાડી ને કંટ્રોલ તરફથી મેસેજ આપવામા આવેલ જે મેસેજ આધારે ફરીયાદીના ભત્રીજાને સાથે રાખી તપાસ કરતા ખારી કેનાલ સરદાર ચોક પાસેથી આરોપીઓ તથા ફરીયાદી વિગેર મળી આવેલ હતા.

આ ગુનામા સંડોવાયેલ ચારેય આરોપીઓને પકડી અટક કરવામા આવેલ છે.તથા મુદામાલ ના રુ બે લાખ રોકડા તથા તેલના ડબ્બા - ૨૦ રીકવર કરવામા આવેલ છે.

## દાણીલીમડા પોલીસ સ્ટેશનઃ

### ( પેરોલ જમ્પ આરોપી પકડ્યો )

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મ.પો.કમિ શ્રી "કે" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા પેરોલ જમ્પ આરોપીઓને શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી આર.કે.અમીન નાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ કે.એલ.પટણી તથા સ્ટાફના હે.કો. કાનજીભાઇ અમીભાઇ તથા પો.કો.જગદિશકુમાર ગણેશભાઇ તથા પો.કો.તારીફ ગુલામરસુલ તથા પો.કો.સફીકએહમદ સિરાજએહમદ તથા પો.કો.હરપાલસિહ પવનસંગ તથા પો.કો.જીલુભાઇ મેરામભાઇ વિ.સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમાં નીકળેલ દરમ્યાન સાથેના પો.કો.જગદિશકુમાર ગણેશભાઇ તથા પો.કો.તારીફ ગુલામરસુલ નાઓને મળેલ બાતમી હકીકત આધારે અત્રેના પોલીસ સ્ટેશનમાં સને-૨૦૧૬ માં ખુનના કેસમાં પકડાયેલ આરોપી **અબ્દુલસબ્બીર ઉર્ફે અજ્જુ લાઇટવાલા સ/ઓ અબ્દુલસાબીર અબ્દુલઅજીજ શેખ ઉ.વ.૩૨ રહે : ૧૩૬ અલ્લાહનગર મહેરુનગરની સામે ગોસીયા મસ્જિદ પાસે બેરલ માર્કેટ અંદર દાણીલીમડા અમદાવાદ શહેર** નાઓ નામદાર ગુજરાત હાઇકોર્ટમાંથી તા.૧૩/૦૫/૨૦૧૭ થી તા.૨૦/૦૫/૨૦૧૭ સુધીના વચગાળાના જામીન ઉપર જેલમાંથી મુક્ત થયેલ હોય અને સદરી આરોપીને તા.૨૧/૦૫/૨૦૧૭ ના રોજ પરત જેલ ખાતે હાજર થવાનુ હોય પરંતુ સદરી આરોપી સમયસદર પરત જેલ ખાતે હાજર થયેલ ન હોય અને પેરોલ જમ્પ થયેલ હોય અને છેલ્લા ચારેક મહીનાથી પેરોલ જમ્પ થયેલ આરોપીને પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરી એક પેરોલ જમ્પ આરોપીને પકડી પાડેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.